આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૧૧ ૧૦ ઓક્ટોબર, ૨૦૧૨, બુધવાર; નિજ ભાદરવા વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


અનુભવ કઠોર શિક્ષક છે, પહેલાં એ શિખવે પછી પરીક્ષા લે અને પાઠ પણ ભણાવે

- વર્નન લો

# જિલ્લામાં ચાર હજાર નવા મતદારોની અરજી

## હજુ ૨૦મી ઓક્ટોબર સુધીમાં નામ નોંધાવનાર મતદારોનો પુરવણી યાદીમાં સમાવેશ કરાશે ગાંધીનગર ઉત્તરમાં સૌથી વધુ ૧૯૬૭ અરજીઓ જ્યારે કલોલમાં ૯૭૭ ગાંધીનગર (દક્ષિણ)માં ૫૫૯, માણસામાં ૨૦૨ અને દહેગામમાં ૧૦૧ અરજીઓ મળી છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદીમાં નામ નોંધાવવા માટે ૪ હજાર જેટલા અરજદારો દ્વારા અરજીઓ કરવામાં આવી છે અને હજુ પણ આ નામ નોંધણી અંગેની પ્રક્રિયા ચાલુ છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ મતદાર યાદી સુધારણા ઝુંબેશ બાદ પંચે મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ કરી હતી અને આ પછી પણ સતત નોંધણી ઝુંબેશ ચલાવશે તેની જાહેરાત કરી હતી. ૨૦મી ઓક્ટો. પહેલા નામ નોંધણી કરાવનાર મતદારોના નામ મતદારયાદીની પુરવણી યાદીમાં સમાવી લેવામાં આવશે.

ગઈકાલે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ પણ આ સંદર્ભે એક ખાસ વિડીયો કોન્ફરન્સ યોજી અને અધિકારીઓને અત્યાર સુધીમાં મળેલ અરજીઓનો ૧૫મી ઓક્ટો. સુધીમાં નિકાલ કરવા તથા ૧૯ ઓક્ટો. સુધી જ અરજીઓ સ્વીકારી તેની ડેટા એન્ટ્રી થઈ જાય તે જોવાની માટે તાકીદ કરી હતી.

મળતી વિગતો મુજબ ગાંધીનગર જિલ્લામાં મતદારયાદીની પ્રસિદ્ધિ બાદ ચાર હજાર જેટલી નવી

● અનુસંધાન પાન-૭ પર



નવરાત્રી આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે પૂજન માટે ઘરમાં સ્થાપિત કરાતા પરંપરાગત ગરબાની સજાવટને આખરી ઓપ અપાઈ રહ્યો છે. (તસવીર : દિપક જાની)

# જિલ્લામાં ચૂંટણી માટે ૪૦૦ વાહનો સંપાદિત કરાશે

## પાંચેય બેઠકોના ચૂંટણી અધિકારીઓને વાહનોની જરૂરિયાત બે દિવસમાં જણાવવા કલેક્ટરની તાકિદ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીઓ માટે ૪૦૦ જેટલા વાહનો તાત્કાલિક સંપાદિત કરવા માટે જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપે આજે વાહન વ્યવહાર વિભાગને જણાવ્યું છે કે તેમજ દરેક વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારીઓને પણ બે દિવસમાં તેમની જરુરિયાત કેટલી રહેશે તે અંગેની જરુરી દરખાસ્ત મોકલી આપવા માટે તાકીદ કરી છે.

જિલ્લા કલેકટરશ્રી સ્વરૂપે આજે વિધાનસભાની પાંચેય બેઠકોના ચૂંટણી અધિકારીઓ, નાયબ ચૂંટણી અધિકારીઓ, નોડલ ઓફિસરોની એક સંયુક્ત બેઠક યોજી અને ચૂંટણીલક્ષી કામગીરીના કરાયેલા આરંભને લઈ સમીક્ષા કરી હતી. તેમણે આજની આ બેઠકમાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત પણ હાથ ધરવામાં આવનારા આયોજનો અંગેની વિગતો આપી હતી.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લા કલેકટરશ્રીએ ચૂંટણી અધિકારીઓની વાહન જરુરિયાત અંગે આજે વાહન-વ્યવહાર વિભાગના અધિકારીઓને ૪૦૦ જેટલા વાહનો તાત્કાલિક સંપાદિત કરવા માટેની સૂચના આપી હતી.

હાલ જિલ્લા તંત્ર પાસે આ કામગીરી માટે જે વાહનોની ઉપલબ્ધિ છે તે ઉપરાંત આ વાહનોની જરુરિયાત રહેશે તેવો અંદાજ અધિકારીઓએ વ્યક્ત

● અનુસંધાન પાન-૭ પર

# ઉમેદવારોએ ત્રણ પ્રકારની હિસાબ નોંધ તૈયાર કરવી પડશે

## પંચે પણ ઉમેદવારોની ૧૬૬ જેટલી જરૂરિયાતોનું શેડો એકાઉન્ટ્સ રજીસ્ટર તૈયાર કરી લીધુ છે : પંચે રાજકીય પક્ષોને વિશ્વાસમાં પણ લઈ લીધા છે

ગાંધીનગર, તા. ૯

વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારે રોજમેળ ઉપરાંત કેશ રજીસ્ટર અને બેંક રજીસ્ટર એમ ત્રણ પ્રકારના રજીસ્ટરો ખર્ચ નિયંત્રણ અંતર્ગત નિભાવવાના રહેશે.

વિધાનસભાની ચૂંટણીમાં ખર્ચ નિયંત્રણ માટે આગ્રહી બનેલ ચૂંટણી પંચે આ અંગેની માર્ગદર્શક સૂચનાઓ જારી કરી છે. જેમાં રોજેરોજના ખર્ચની વિગતો દર્શાવતો રોજમેળ ઉપરાંત તેને મળતા રોકડ નાણાં અંગે કેશ રજીસ્ટર તેમજ બેંક એકાઉન્ટ ખોલાવવુ ફરજીયાત હોવાથી બેંકરજીસ્ટર પણ નિભાવવાનું રહેશે.

ઉમેદવારીપત્ર પાછુ ખેંચાયાના અંતિમ દિવસથી ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય તે દરમ્યાન ખર્ચ નિરીક્ષકની ટીમો દ્વારા ત્રણ વખત તેના આ રજીસ્ટરોની ચકાસણી કરવામાં આવશે. આ ઉપરાંત પ્રક્રિયા સંપન્ન થયા બાદ ૭૦ દિવસમાં જ પંચને પોતાના હિસાબો આખરી કરી રજુ કરવાના રહેશે.

● અનુસંધાન પાન-૭ પર



કેન્દ્રીય મુલ્કી સેવા સાંસ્કૃતિક અને રમતગમત બોર્ડ, નવી દિલ્હી અને ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ, કલ્યાણતંત્ર દ્વારા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ગાંધીનગરના મેદાન પર યોજાયેલ ''અખિલ ભારતીય મુલ્કી સેવા ટેબલ ટેનિસ સ્પર્ધા-૨૦૧૨''નો આજે મુખ્ય સચિવ શ્રી એ. કે. જોતિએ પ્રારંભ કરાવ્યો હતો. (તસવીર : દિપક જાની)

# રાજ્યમાં સવારે ઠંડો પવન ફુંકાતા વાતાવરણમાં પલટો

અમદાવાદ,તા.૯

ગુજરાતના વધુ ભાગોમાંથી ચોમાસાએ વિદાય લીધી છે. ત્યારે રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી વહેલી સવારે ઠંડો પવન ફુંકાતા વાતાવરણમાં પલટો આવ્યો છે. સાથોસાથ અમુક વિસ્તારોમાં રાત્રિ સમયે ૨થી ૩ ડિગ્રી પારો ગગડતા અને સુકાપવનો ફુંકાતા મધ્યરાત્રીથી પરોઢ સુધી વાતાવરણમાં સહેજ ઠંડક જણાય છે તેથી ઋતુ પલ્ટા જેવું લાગે છે. જો કે, હજુ બપોરના સમયે ગરમીનો પારો ૩૩ થી ૩૫ ડિગ્રી રહેતા ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી દિવસના સમયે હજુ ઘણા વિસ્તારોમાં ગરમીનો પારો હજુ ૩૫ ડિગ્રીની ઉપર જમાય છે. જેના કરણે ગરમીનો માહોલ સર્જાય છે.

## ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં

# ઠાકોર સમાજ વર્ચસ્વ ધરાવતી ૪૫ બેઠકો માટે ટિકિટ માગે છે



સુરેન્દ્રનગર જીલ્લાના હળવદ ખાતે ઠાકોર સમાજ ભાવના સંમેલન, નવયુવાન રેલી તથા સત્કાર સમારંભમાં સમગ્ર ગુજરાત રાજ્યના ઠાકોર સમાજના આગેવાનોએ પ્રમુખશ્રી રોહિતજી ચંદુજી ઠાકોરને સમગ્ર ગુજરાતમાં ઠાકોર સમાજનાં વર્ચસ્વવાળી વસ્તીના ધોરણે ૪૫ સીટોની ચૂંટણી લગવા અંગે રજૂ કરી. ગુજરાતમાં ઠાકોર સમાજ ૪૧ ટકા વસ્તી એટલે કે અઢી કરોડ વસ્તી ધરાવતો વિશાળ સમાજ છે. તેથી જાગૃત સમાજના આગેવાનોએ સમાજનાં ઉમેદવારો જીતી શકે તેવી તમામ સીટો ઉપર ઉમેદવારી કરવાની લાગણી બતાવી હતી.

વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં ઠાકોર સમાજમાં રાજકીય માહોલ ગરમ થઈ ગયો છે. ગુજરાતનાં તમામ જિલ્લાઓના આગેવાનોએ પ્રતિષ્ઠિત ઠાકોર ઉમેદવારોને ઊભા રાખી ભવ્ય રીતે જીતાડવાની રજૂઆત રોહિતજી ઠાકોરને કરી.

ઠાકોર સમાજના આગેવાનોએ સાથે મળીને ઠાકોર સમાજના પ્રમુખશ્રી કે જેઓ હરહંમેશ સમાજની અવિરત ચિંતા કરે છે તેવા રોહિતજીને રજૂઆત કરીને આવેદનપત્ર આપ્યું હતું. આ પ્રસંગે નવયુવાનો અને આગેવાનોમાં ચૂંટણી માટેનો ભારે ઉત્સાહ અને જુસ્સો જોવા મળેલ.

# જેઠવા હત્યાના સંબંધમાં હવે સીબીઆઈ દ્વારા કેસ દાખલ

## ગુજરાત હાઇકોર્ટના આદેશના આધાર ઉપર સીબીઆઇ દ્વારા તપાસ શરૂ : ટૂંકમાં જ એક ટીમ તપાસ હેતુ શહેરમાં

નવાદા, તા. ૯

સીબીઆઈએ આરટીઆઈના કાર્યકર અમિત જેઠવાની સનસનાટીપૂર્ણ હત્યાના સંબંધમાં ગુજરાત હાઈકોર્ટની બહાર આજે કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં ગુજરાતના ભાજપ સાંસદ પણ શંકાના ઘેરામાં છે. સીબીઆઈએ હાઈકોર્ટના આદેશના આધાર ઉપર તપાસ શરૂ કરી દીધી છે. હાઈકોર્ટે આ કેસ સીબીઆઈને સોંપીને તપાસ ઝડપી બનાવવા કહ્યું હતું. અમીત જેઠવા હત્યા કેસમાં અતિ ધીમી ગતિએ તપાસ કરવા બદલ રાજ્ય પોલીસની ગુજરાત હાઈકોર્ટે ટીકા કરી હતી અને આ મામલો સીબીઆઈને સોંપ્યો હતો. આ સનસનાટી હત્યા કેસમાં જુનાગઢના ભાજપ સાંસદ દિનુ બોઘા સોલંકીના ભત્રીજા શિવ સોલંકીની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ સાંસદને ક્લીન ચીટ આપવામાં આવી હતી. સીબીઆઈએ આઈપીસીની કલમ ૩૦૨ (હત્યા) હેઠળ વણઓળખાયેલા લોકો સામે એફઆઈઆર દાખલ કરી છે. ખાસ ક્રાઈમ યુનિકની ટીમ ટૂંક સમયમાં જ અમદાવાદ આવશે અને આ કેસની તપાસ વિધિવત રીતે હાથ ધરશે. આરટીઆઈ કાર્યકર અને માનવઅધિકાર સાથે સંકળાયેલા કાર્યકર ગુજરાત સ્થિત જેઠવાની

● અનુસંધાન પાન-૭ પર


GPSC, સબ રજીસ્ટ્રાર, Dy.SO BANK, તલાટી, ક્લાર્ક, POST

ગણિત-અંગ્રેજીની



વિવેકાનંદ એકેડમી

મો. 99256 98721

ગુજરાત સરકારના

ક્લાર્ક/કોન્સ્ટેબલ/ PSI/Dy.SP/DC/ મામલતદાર/TDO/ SO/Dy.S.O./DC/ મામલતદાર/રજીસ્ટ્રાર/ ઓફીસ સુપ્રિન્ટેન્ડન્ટ સર્વેયર/વનપાલ/વનસહાયક

TCCI EDU. PVT. LTD.

957400432 1 to 7

HELPLINE NO 95740 04327 93287 14508

ગાંધીનગર, મહેસાણા, વિદ્યાનગર, પાલડી, વિસનગર, પાલનપુર

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ દ્વારા સંચાલિત

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ



ખાદી ગ્રામોદ્યોગ ભવન

પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ફોન : ૨૩૨૨૨૩૩૩

સમય : સવારે ૧૦-૩૦ થી ૭-૩૦ કલાક ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦

ઘ-૫ ખાતે ભવ્ય પ્રદર્શન

ARAVALLI Art & Craft Festival-2012

ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન

30-9-12 to 16-10-12

ભવ્ય પ્રદર્શન

TIME : 11 A.M. to 10 P.M.

હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી

રાજસ્થાની કાષ્ઠ શિલ્પ, પેન્ટીંગ, ગુજરાતી એમ્બ્રોયટરી, બેટ શીટ્સ, પડદા, કાશ્મીરી હસ્તકલા અને કપડા, કલકત્તાની સાડી, જ્વેલરી, કલકત્તાનું ટેરાકોટા તથા કાપા કોટન ટોપ્સ....

એન્ટ્રી પાર્કીંગ ફ્રી

ઘ-૫ સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬ ગાંધીનગર.